
**કાઠિયાવાડના એક નગરમાં ભારતીય ઉપખંડના ત્રણ વિદેશ પ્રધાનોની પરિષદ મળી રહી છે. સુચારુ સંબંધોની વૃદ્ધિ માટે વિચારણા થવાની છે. પરંતુ વિઘ્નસંતોષીઓને એ માફક નથી. નનામો સંદેશો મળે છે: પાકિસ્તાનના વિદેશ પ્રધાનની અમે હત્યા કરીશું! એ પણ કશાં જ હથિયાર વગર!!**

# એના કોટનાં ગજવાં ખૂબ વજનદાર લાગતાં હતાં- હથિયારોથી!



## ખાડો ખોદે તે...: 1

**રહસ્ય ચક્ર**
★ યશવંત મહેતા

‘અંકલ! એને હાથ ન લગાડશો. એનો રંગ હજુ ભીનો છે!’

ડિટેક્ટવી અજય વર્મા જે ખંડમાં ઊભો હતો તે વિશિષ્ટ હતો. નાનકડા રાહુલ જાડેજાનો એ નર્સરી રૂમ હતો. પણ રાહુલ એટલો નસીબદાર કે સો છોકરાઓના પ્લે રૂમ જેવડો વિશાળ એનો એકલાનો નર્સરી રૂમ હતો! કારણ એટલું જ કે એ જૂની રિયાસતના શાસકોના વંશમાં જન્મેલો હતો. એ લોકોનાં શાસન જવા છતાં વિરાટ વિરાટ મિલકતો એમની પાસે જ રહી હતી. રંગપુરનો મહેલ બસો ઓરડા ધરાવે છે એમ કહેવાતું!

આખો નર્સરી ખંડ અગણિત જાતનાં રમકડાં અને રમત-સાધનોથી ભરચક હતો. એ બદલ ગર્વ અનુભવતો રાહુલ કહી રહ્યો હતો, ‘મારા સમર અંકલ આ સિપાઈઓનાં રમકડાં જાતે રંગે છે, બોલો!

‘સરસ કહેવાય, રાહુલબાબા’, અજય બોલ્યો. ‘પણ હું જોતો હતો કે આ ઘોડેસવાર સિપાઈના લાંબા કોટને લાલ કેમ રંગ્યો છે? એની સાથેના પગપાળા સિપાઈઓ તો અંગ્રેજ લશ્કરના છે ને?’

‘અંકલ, તમને કાંઈ ખબર પડતી નથી!’ રાહુલે બાળસુલભ ટીકા કરી. ‘આ ઘોડા પર છે તેને સિપાઈ ન કહેવાય. એ તો સિપાહસાલાર કહેવાય, એવું મારા સમર અંકલ કહે છે. આ લોકો પેશ્વાના લશ્કર સામે લડવા જાય છે.’

‘પણ ભારતના અંગ્રેજ લશ્કરના એ જમાનાના સિપાઈઓના કોટનો રંગ લાલ. અને ઓફિસરોના કોટનો રંગ વાદળી હતો, દોસ્તો!’

‘સમર અંકલ કહે છે એ સિપાહસાલાર એટલે ઓફિસર... ખરું ને, સમય અંકલ?’ રાહુલ આમ બોલ્યો, કારણ કે એ જ ઓરડામાં એક ઊંચો, પાતળો, શ્યામલો પુરુષ પ્રવેશ્યો. એની ઉંમર ત્રીસેકની જણાતી હતી.

‘શી વાત છે, રાહુલ?’ આગંતુકે પ્રશ્ન કર્યો.

‘સમર અંકલ, આ અજય અંકલ કહે છે કે આ સિપાહસાલારના કોટનો રંગ લાલ નહિ, વાદળી હોવો જોઈએ.’

‘એમ કે? તારા નવા અજય અંકલ ભારે અક્કલવાળા જણાય છે!’ સમરે કડવી વાણી ઉચ્ચારીને કાતિલ નજરો નર્સરીમાં આવી ઊભેલાં બે મહેમાનો પર ફેંકી. ઘણા લોકોને ઢીલી-ખોટી વાતો ચલાવી લેવાની આદત હોય છે, પણ એ જૂઠા પડે તો ખૂબ અકળાઈ જાય છે. સમરસિંહ આ પ્રકારનો માણસ જણાતો હતો.

પણ અજય એમ ગાંજયો જાય એવો નહોતો. ‘મેં નેશનલ ડિફેન્સ અકાદમીમાં તાલીમ લીધી છે અને ચાર વર્ષ હું કમિશન્ડ ઓફિસર હતો, મિસ્ટર જાડેજા!’

‘એક રમકડાના સિપાઈના કોટના રંગને લઈને બાળકને મૂંઝવવાનો હવે મતલબ છે?’ સમરે હવે તકરારનો મુદ્દો બદલ્યો.

એ કેટલાક રાજકારણીઓના પ્રકારનો માણસ જણાતો હતો જે કાચીંડો કરતા વધારે ઝડપે રંગ બદલે છે.

‘આઈ સી!’ અજયે પણ પોતાના અવાજને બરફની કરચ જેવી ધાર કાઢી.’ આદિ શંકરાચાર્ય દાઢીમૂછ રાખતા કે નહિ, એ હકીકત પર રાહુલના ભાવિનો આધાર ન હોય તોય, શંકરાચાર્યની સાચી તસવીર પેશ કરવામાં નુકસાન શું?’

અને તરત જ અજયે ઉમેર્યું, ‘ખેર! સાંજ ઢળી ગઈ લાગે છે. જરા ખુલ્લી હવામાં ફરવું જોઈએ. પેલા લોકો હજુ માથાફોડી જ કરી રહ્યા લાગે છે. રાધિકા! ચાલ, જરા આ કાઠિયાવાડની ખુલ્લી સૂકી હવા ખાઈએ!’ અને બંને નર્સરીની બહાર નીકળીને રાજમહેલની લોન્સ તરફ ચાલ્યાં.

‘આ માણસે કુંવર રાહુલ જાડેજાનો શિક્ષક છે, એમ! આવો માણસ!’ જરાક દૂર જતાં રાધિકા બોલી.

‘માણસ હોંશિયાર હોવો જોઈએ. નહિતર આવી કામગીરી ન મળે,’ અજયે અનુમાન કર્યું. ‘અને છોકરાને ગમતી પ્રવૃત્તિ એણે આદરી છે. એ રાહુલને ગમતા સિપાઈઓને રંગરોગાન કરે છે. એ સિપાઈઓ વડે કદાચ લડાઈ-લડાઈની રમતો પણ રમતા હશે.’

‘એ છોકરાઓને લડાઈની રમતો ગમે.’ રાધિકા બોલી.

‘લડાઈ-લડાઈની રમત, કેમ?’ અજય એકાએક ચાલતો અટકી ગયો અને ફિલસૂફનુમા લિહાજમાં બબડયો, ‘લડાઈ-લડાઈની રમત અને શાંતિની વાટાઘાટો! વાહ રે, માનવી, તારી લીલા! તને ખબર છે, રાધિકા, કે અહીં શું ચાલી રહ્યું છે?’

‘ના. હું તો તમારે આમંત્રણે દોડી આવી. લાગ્યું કે ઉનાળુ વેકેશનના છેલ્લા દિવસો કદાચ કાઠિયાવાડમાં ગાળવાના હશે.’

‘જો, સામે જો! મહાનુભાવોની વાટાઘાટો હાલ પૂરતી તો સમાપ્ત થઈ લાગે છે. બગીચામાં બેસવા માટે બહાર નીકળી રહ્યા છે. આગળ ચાલે છે તે સૂરજભાણ જાડેજા છે. અભણ રાહુલના દાદાબાપુ અને મારા સહપાઠી રણધીર જાડેજાના પિતાજી. એ આ રિયાસતના શાસક પરિવારના છે. એક જમાનામાં એ ભારતના વિદેશ સચિવ રહી ચૂકયા છે અને આપણા ઉપખંડમાં શાંતિ જાળવવાના ઘણા સચોટ ઉપાય એ જાણે છે. એમની પાછળ ચાલતા જાડિયા અને આનંદી જણાતા ભાઈ સાહેબજાદા મુનાવરખાન છે. પાકિસ્તાનના વિદેશ પ્રધાન છે. એમની બાજુમાં નેપાળના વિદેશ પ્રધાન સોહન દયાલ છે અને છેક પાછળ ચિંતાઓની જીવતી-જાગતી મૂર્તિ સમા ભારતના વિદેશ પ્રધાન દિનેશ કોલ છે.’

‘એ બધા અહીં...?’

‘મેં કહ્યું ને, મુત્સદ્દીઓ એક હાથે લડાઈ-લડાઈની રમત રમે છે. અને બીજે હાથે શાંતિ શાંતિની! કદાચ સૂરજભાણ બાપુએ કશીક શાંતિ સંધિ માટે ભેગા કર્યા હશે.’

‘બાપુએ બરાબર આ જ વખતે આપણને અહીંનું આમંત્રણ કેમ આપ્યું? કશી બીજી રમત હશે?’

‘અલી! તું પણ રમત-રમતની વાતો કરતી થઈ ગઈ! અરે, આ કોણ? આ તો અનવર હુસેન!’ અજય ઉત્સાહથી બોલી ઊઠયો.

અજય જે દિશામાં જોઈ રહ્યો હતો એ તરફ નજર ફેરવતાં રાધિકાએ બત્રીસેકની વયના સૂટ-બૂટધારી યુવકને જોવો એના કોટનાં ગજવાં ખૂબ વજનદાર લાગતા હતાં. હથિયારોથીસ્તો!

‘કોણ છે?’

‘સી.એસ.એસ.એફ.- સેન્ટ્રલ સ્પેશિયલ સિકયોરિટી ફોર્સનો ઈન્સ્પેકટર અનવર હુસેન. અમે ડિફેન્સ અકાદમીમાં આગળ-પાછળ ભણતા હતા.’

આટલી વારમાં તો અનવર સાવ નજીક પહોંચ્યો. ‘હાય, અજય! ગૂડ ઈવનિંગ! અને આજ તારી મેધામૂર્તિ રાધિકા કે? મને આશા હતી કે એને મળવાનોય ચાન્સ મળશે. હાઉ ડુ યૂ ડુ, રાધિકા?’

‘ફાઈન, ઠેન્ક યૂ,’ રાધિકાએ હાથ જોડીને વંદન કર્યાં.

‘અમને મળવાનો ચાન્સ મળવાની તને આશા કેમ હતી?’

‘કારણ કે મેં જ તમને અહીંનું આમંત્રણ મળે એમ ગોઠવણ કરી છે!’ અનવરે નિખાલસ સ્વરે કહ્યું.

‘પણ અમને આમંત્રણ શા માટે?’

‘એ કાંઈ આમ બગીચા વચ્ચે કહી શકાય એવી વાત નથી. મને મહેલના મુખ્ય દરવાજા પાસે આઉટ હાઉસ રહેવા મળ્યું છે. ચાલો, ત્યાં જઈને ચા પીતા પીતા વાતો કરીએ.’

**‘મેં કહ્યું ને, મુત્સદ્દીઓ એક હાથે લડાઇ-લડાઇની રમત રમે છે. અને બીજે હાથે શાંતિ શાંતિની! કદાચ સૂરજભાણ બાપુએ કશીક શાંતિ સંધિ માટે ભેગા કર્યા હશે.’ ‘બાપુએ બરાબર આ જ વખતે આપણને અહીંનું આમંત્રણ કેમ આપ્યું? કશી બીજી રમત હશે?’**

‘ચા નહિ, શરબત! ગરમી ખૂબ છે’, અજયે શરત મૂકી.

‘એનીય જોગવાઈ થશે!’

- અને અનવર હુસેને ઉતારામાં શરબતનાં ઘૂંટ લેતાં લેતાં જે વાત કરી તે આમ હતીઃ

કેટલાક આંતરરાષ્ટ્રીય બનાવોને પરિણામે, ભારતીય ઉપખંડમાં તંગદિલી સર્જાય. અને કદાચ સરહદો પર ટપાટપી થઈ જાય એવા સંજોગો ઊભા થયા હતા. સારું કશું થઈ ન બેસે અને ઉપખંડના દેશો વચ્ચે વહેતા થયેલા મુકત વેપાર યાત્રાપ્રવાસ અને સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં રુકાવટ ન આવે એ સારુ ભારત, પાકિસ્તાન અને નેપાળના વિદેશ પ્રધાનોની શિખરપરિષદ અહીં ગોઠવવામાં આવી હતી. ગુપ્ત પરિષદ માટે રંગપુરનું સ્થળ નક્કી કરાયેલું, કારણ કે ત્રણેય વિદેશ પ્રધાનો સૂરજભાણ જાડેજાને વડીલ માનતા હતા.

‘પરિષદ સ્થળ ગુપ્ત રખાયું હોવા છતાં.’ અનવર હુસેને કહ્યું, ‘કોઈકને કોઈક રીતે જાણ થઈ ગઈ છે. ચાર દિવસ અગાઉ વિદેશ મંત્રાલયને વિચિત્ર પણ ભયંકર સંદેશો મળ્યો છે. મેસેજ છે! રંગપુરમાં સાહેબજાદાની કબર ખોદાવી રાખો. કોઈ જ હથિયાર મોતને અટકાવી શકે એમ નથી!’

‘કમાલ છે!’

‘ધમકીની જાણ થઈ એટલે સી.એસ.એસ.એફ. ઉપરાંત પ્રાઈવેટ ડિટેક્ટીવનેય સામેલ કરવાની દરખાસ્ત આવી. મહત્વનું એ છે કે આપણે સાહેબજાદા સામેની ધમકી ટાળવાની છે, કારણ કે જો તે અહીં હોય અને કશુંક થઈ જાય તો... તો... ખુદા બચાવે ભારત-પાકિસ્તાનને!’

‘તું આ માટે શી ગોઠવણો કરવા ધારે છે, એ કહીશ?’

‘ભલા આદમી, તને નહિ કહું તો કોને કહીશ? અમે સાહેબજાદાના બેડરૂમની આજુબાજુથી માંડીને બધે જ સિક્યોરિટીના માણસો મૂકવા ધારીએ છીએ.

રાજમહેલના આંગણાથી માંડીને બહાર એક કિલોમીટર સુધી પેટ્રોલિંગ ચાલુ છે. જો કે ધમકી આપનારે હથિયારો નકામાં છે એવું શા માટે લખ્યું તે સમજાતું નથી.’

‘કશીક નવી જ પદ્ધતિથી. મોડસ ઓપરેન્ડીથી દુશ્મનો કામ પાર પાડવા ધારે છે. જોઈએ. પડશે એવા દેવાશે!’ અજયે ઉચ્ચાર્યું.

‘ઠીક, હવે તમે બાપુની મહેમાનગતી માણો. હું મારા માણસો પાસે ચક્કર મારી આવું’. કહીને અનવર છૂટો પડ્યો.

**(વાચક મિત્રો! આ વળી જુદા જ સ્તરની વાર્તા છે. હથિયાર વગર હત્યા! જોઇએ કે આગળ શું બને છે. દરમિયાનમાં ગત રહસ્ય કથાનો ઉકેલ શોધવાનો નહોતો. વાર્તામાં જ ઉકેલ સમાઇ ગયો હતો.)**